પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૪૪ | ૩ ઓગસ્ટ, ૨૦૨૧, મંગળવાર; અષાઢ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

સાવધાન : ત્રીજી લહેર ઓગસ્ટમાં જોવા મળશે

ઓક્ટોબરમાં સંક્રમણ પીક પર પહોંચશે : રિપોર્ટ : નિષ્ણાતોએ કહ્યું કે કેરલ અને મહારાષ્ટ્રમાં જે રીતે કેસ સામે આવી રહ્યા છે તેનાથી સ્થિતિ વધુ ખરાબ થઈ શકે

નવી દિલ્હી,તા.૨

ભારતમાં કોરોનાની બીજી લહેરનો પ્રકોપ હજુ ખતમ થયો નથી અને હવે નિષ્ણાંતોએ ત્રીજી લહેરની ચેતવણી જારી કરી દીધી છે. નિષ્ણાંતોએ કહ્યું કે, ઓગસ્ટ મહિનામાં કોરોનાની ત્રીજી લહેર આવી શકે છે. જેમાં દરરોજ એક લાખ નવા કેસ જોવા મળી શકે છે. સાથે તેમણે કહ્યું કે, ખરાબ સ્થિતિમાં કેસ દોઢ લાખ સુધી પહોંચી શકે છે. નિષ્ણાંતો પ્રમાણે ઓગસ્ટ મહિનામાં શરૂ થનારી ત્રીજી લહેર ઓક્ટોબરમાં પોતાના પીક પર જઈ શકે છે. બીજી લહેરમાં લાચાર સ્વાસ્થ્ય વ્યવસ્થાની તસવીર ડરાવી રહી હતી પરંતુ જો ત્રીજી લહેરમાં પણ આવી તબાહી જોવા મળી તો દેશ માટે સ્થિતિ મુશ્કેલ બની શકે છે. હૈદરાબાદ અને કાનપુર આઈઆઈટીમાં મથુકુમલ્લી વિદ્યાસાગર અને મનિન્દ્ર અગ્રવાલના નેતૃત્વમાં શોધકર્તાઓનો હવાલો આપતા બ્લૂમબર્ગે જણાવ્યું કે, કોરોનાના કેસમાં થઈ રહેલી વૃદ્ધિ ત્રીજી લહેરને આગળ વધારશે. તેમણે કહ્યું કે ઓક્ટોબરમાં તે પિક પર પહોંચી શકે છે. નિષ્ણાંતોએ કહ્યું કે કેરલ અને મહારાષ્ટ્રમાં જે રીતે કેસ સામે આવી રહ્યાં છે તેનાથી સ્થિતિ ખરાબ થઈ શકે છે. પરંતુ કોરોનાની ત્રીજી લહેર, બીજી લહેર જેટલી ખતરનાક હશે નહીં, જ્યારે દેશમાં દરરોજ ૪ લાખ કેસ સામે આવી રહ્યાં હતા. આ વર્ષે કોરોનાની સ્થિતિ વિશે અનુમાન લગાવનાર નિષ્ણાંતોનું અનુમાન એક ગણિતીય મોડલ પર આધારિત હતું. મેમાં આઈઆઈટી હૈદરાબાદના એક પ્રોફેસર, વિદ્યાસાગરનું કહેવુ હતુ કે ભારતમાં કોરોના વાયરસનો પ્રકોપ આવનારા દિવસોમાં ગણિતીય મોડલના આધાર પર પીક પર હોઈ શકે છે. ભારતમાં રવિવારે કોરોનાના ૪૧૮૩૧ નવા કેસ સામે આવ્યા અને ૫૪૧ લોકોના મૃત્યુ થયા હતા. કેન્દ્ર સરકારે કેરલ, મહારાષ્ટ્ર અને પૂર્વોત્તરના ૧૦ લાજ્યોને ચેતવણી આપી છે કે વધતા સંક્રમણ વચ્ચે અને કોરોના વાયરસનો પ્રસાર રોકવા માટે પગલા ભરવા જોઈએ. નિષ્ણાંતોએ તેવણી આપી છે કે

વાતચીતથી સમસ્યાનો ઉકેલ લાવીશું : બંને રાજ્યોના સીએમ

અસમ-મિઝોરમની સરકારોનું નરમ વલણ

નવી દિલ્હી,તા.૨

સરહદ વિવાદને લઈને અસમ અને મિઝોરમ વચ્ચે ચાલી રહેલા તણાવને ઓછો કરવાની કવાયત રંગ લાવી છે. બંને રાજ્યોના મુખ્યમંત્રીઓએ કહ્યુ કે, વાતચીત દ્વારા મુદ્દાનો ઉકેલ લાવીશું. મિઝોરમના સીએમ ઝોરામથાંગાએ અસમના મુખ્યમંત્રી હિમંત બિસ્વ સરમા અને ગૃહમંત્રી અમિત શાહ સાથે ફોન પર વાતચીત બાદ કહ્યુ કે, બંને રાજ્યો વચ્ચે જે વિવાદ છે તેને વાતચીત અને મૈત્રીપૂર્ણ વલણની સાથે ઉકેલી લેવામાં આવશે. ઝોકામથાંગાએ મિઝોરમના લોકોને અપીલ કરી કે તે સોશિયલ મીડિયા પર કોઈ એવી પોસ્ટ ન કરે, જેથી સ્થિતિ ખરાબ થાય. ઝોરામથાંગાના નિવેદનનું અસમના મુખ્યમંત્રી સરમાએ સ્વાગત કર્યુ છે. તેમણે કહ્યુ કે બોર્ડર પર શાંતિ માટે દરેક સંભવિત પ્રયાસ કરવામાં આવશે. ગૃહમંત્રી અમિત શાહની સાથે રવિવારે વાતચીત બાદ મિઝોરમના મુખ્યમંત્રી ઝોરામથંગાએ કહ્યુ કે ફોન કોલ દરમિયાન નિર્ણય લેવામાં આવ્યો કે સરહદ વિવાદને શાંતિપૂર્ણ રીતે સાર્થક સંવાદ દ્વારા સમાધાન કરવામાં આવશે.

કોવેક્સિન મ્યુટેશન ડેલ્ટા પ્લસ સામે લડવા માટે સક્ષમ : ICMR

ડેલ્ટા વેરિએન્ટને વાયરસ ઓફ કન્સર્ન એટલે કે વીઓઆઈ કેટેગરીમાં રાખવામાં આવ્યો છે, જે ખૂબ જ ઝડપથી ફેલાઈ રહ્યાનો નિષ્ણાતોનો મત

નવી દિલ્હી, તા.૨

કોરોનાના સંકટ વચ્ચે ભારતમાં વિકસિત કોરોના વેક્સિન કોવેક્સિન સાથે સંકળાયેલી મહત્વની જાણકારી સામે આવી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, દેશી વેક્સિન કોરોનાના ખતરનાક વેરિએન્ટ મ્યુટેશન ડેલ્ટા પ્લસ સામે લડવા માટે પણ સક્ષમ છે. આઈસીએમઆરના અભ્યાસમાં આ વાત સામે આવી છે. ઉલ્લેખનીય છે કે, કોવેક્સિનનું નિર્માણ ભારત બાયોટેકે આઈસીએમઆર સાથે મળીને જ કર્યું છે. આઈસીએમઆરના કહેવા પ્રમાણે કોવેક્સિન ફક્ત ડેલ્ટા વેરિએન્ટ પર જ નહીં પરંતુ તેના મ્યુટેશન એવાય.૧ એટલે કે, ડેલ્ટા પ્લસ પર પણ કારગર છે. ઉલ્લેખનીય છે કે, ડેલ્ટા વેરિએન્ટ હાલ વાયરસ ઓફ કન્સર્નની શ્રેણીમાં છે.

ડબલ્યુએચઓ દ્વારા કોરોના વાયરસના ૮ વેરિએન્ટને અલગ-અલગ કેટેગરીમાં રાખવામાં આવ્યા છે. તેમાંથી ૪ વાયરસ ઓફ ઈન્ટ્રેસ્ટ છે અને ૪ વાયરસ ઓફ કન્સર્ન. ડેલ્ટા વેરિએન્ટને વાયરસ ઓફ કન્સર્ન એટલે કે વીઓઆઈ કેટેગરીમાં રાખવામાં આવ્યો છે. વાયરસ ઓફ કન્સર્ન એટલે કે આ વેરિએન્ટ ખૂબ જ ઝડપથી ફેલાઈ રહ્યો છે અને ચિંતાનો વિષય છે. તેમાં આલ્ફા, બીટા, ગામા અને ડેલ્ટાનો સમાવેશ થાય છે. ડેલ્ટા વેરિએન્ટ સૌથી પહેલા ભારતમાં મળી આવ્યો હતો. હાલ ભારતમાં ડેલ્ટા પ્લસના ૭૦થી વધારે કેસ સામે આવ્યા છે. હૈદરાબાદની કંપની ભારત બાયોટેકે જુલાઈ ૨૦૨૧માં જ સંશોધનનો અંતિમ ડેટા રજૂ કર્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે, કોવેક્સિન કોરોના વિરૂદ્ધ ૭૭.૮ ટકા પ્રભાવશાળી છે. હાલ ભારત ઉપરાંત ૧૬ દેશોમાં કોવેક્સિનના ઈમરજન્સી ઉપયોગને મંજૂરી મળી ગઈ છે. તેમાં બ્રાઝિલ, ફિલિપાઈન્સ, ઈરાન, મેક્સિકો વગેરેનો સમાવેશ થાય છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ભારતમાં હાલના કોરોનાના ડેલ્ટા પ્લસ વેરિએન્ટ ખુબ ખતરનાક અને સંક્રામક છે. પરંતુ સરકારી પેનલ ઈન્સાકાગે (આઈએનએસએસીઓજી) સ્પષ્ટ કર્યુ કે ડેલ્ટાથી પેદા થયેલ ડેલ્ટા પ્લસ વેરિએન્ટના મુકાબલે ઓછો સંક્રામક હોઈ શકે છે. ઈન્સાકાગે તે પણ કહ્યું કે એવાઈ.૩ ને ડેલ્ટાના નવા ઉપ-સ્વરૂપના રૂપમાં ચિન્હિત કરવામાં આવ્યો છે.

લોકસમતા-સમાજવાદની અત્યંત જરૂર : લાલુ પ્રસાદ

નવી દિલ્હીમાં સમાજવાદી પક્ષના સંરક્ષક મુલાયમ સિંહ યાદવે રાજદના પ્રમુખ લાલુ યાદવની મુલાકાત લીધી

નવી દિલ્હી, તા.૨

ઉત્તર પ્રદેશમાં આગામી વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણી પહેલા રાજકીય ગતિવિધિઓ વધવા લાગી છે. સોમવારે નવી દિલ્હી ખાતે સમાજવાદી પાર્ટીના સંરક્ષક મુલાયમ સિંહ યાદવે રાષ્ટ્રીય જનતા દળના પ્રમુખ લાલુ પ્રસાદ યાદવની મુલાકાત લીધી હતી. ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવે સોમવારે ટ્વીટર પર બંને દિગ્ગજોની મુલાકાતની તસવીર શેર કરી હતી. ઉલ્લેખનીય છે કે, મુલાયમ સિંહ યાદવે સોમવારે સંસદના સત્રમાં પણ ભાગ લીધો હતો. અખિલેશે જે ફોટો શેર કર્યો હતો તેમાં બંને નેતા ચા પીતા જોવા મળ્યા હતા.

આ મુલાકાત બાદ લાલુ યાદવે પણ ટ્વીટ કરી હતી. તેમણે લખ્યું હતું કે, દેશના વરિષ્ઠતમ સમાજવાદી સાથી આદરણીય મુલાયમ સિંહ જીની મુલાકાત લઈને તેમના ક્ષેમકુશળ જાણ્યા.

મોદીના સલાહકાર અમરજીત સિન્હાનું રાજીનામું

નવી દિલ્હી, તા.૨

પ્રધાનમંત્રી કાર્યાલય (પીએમઓ) ના વરિષ્ઠ અધિકારી અમરજીત સિન્હાએ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. ન્યૂઝ એજન્સીએ સોમવારે સૂત્રોને ટાંકીને આ સમાચાર આપ્યા છે. ઉલ્લેખનીય છે કે નિવૃત્ત આઈએએસ અધિકારી અમરજીત સિન્હા વડાપ્રધાન કાર્યાલયમાં સલાહકાર હતા અને સામાજિક ક્ષેત્ર સાથે સંકળાયેલા પ્રોજેક્ટ્સનું કામ સંભાળતા હતા. ૧૯૮૩ બેચના બિહાર કેડરના આઈએએસ અધિકારી અમરજીત સિન્હા ૨૦૧૯ માં ગ્રામીણ વિકાસ સચિવ તરીકે નિવૃત્ત થયા હતા

ઓસી.ને હરાવી ભારત પ્રથમ વખત મહિલા હોકી ટીમ સેમિફાઈનલમાં

ટોક્યો,તા.૨

ટોક્યોથી ભારત માટે સૌથી ખુશીના સમાચાર આવ્યા છે. ભારતીય મહિલા હોકી ટીમે દમદાર પ્રદર્શન કરી સૌ પ્રથમ વખત ઓલિમ્પિકની સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો છે. રાની રામપાલની આગેવાનીમાં ભારતીય મહિલા હોકી ટીમે ઓસ્ટ્રેલિયાને ક્વાર્ટર ફાઈનલમાં ૧-૦થી હરાવી સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો છે. ભારતીય પુરૂષ ટીમ બાદ મહિલા ટીમ પણ હોકીની સેમિફાઈનલમાં પહોંચી છે. હવે સેમિફાઈનલમાં ભારતીય મહિલા ટીમનો સામનો આર્જેન્ટીના સામે થશે. ઓલિમ્પિકમાં સતત બીજા દિવસે હોકીએ સારા સમાચાર આપ્યા છે.

રવિવારે ભારતીય પુરૂષ ટીમે ગ્રેટ બ્રિટનને હરાવી ૪૯ વર્ષ બાદ સેમિફાઈનલમાં એન્ટ્રી કરી છે તો આજે ભારતીય મહિલા હોકી ટીમે વિશ્વની દમદાર ટીમ ઓસ્ટ્રેલિયાને હરાવી પ્રથમવાર ઓલિમ્પિકની સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો છે. આ સાથે રાની રામપાલની મહિલા હોકી ટીમ ભારતના ઈતિહાસની સર્વશ્રેષ્ઠ ટીમ બની ગઈ છે.

પેગાસસ કેસની તપાસ જરૂરી : નીતિશ કુમાર

પટણા, તા.૨

પેગાસસ જાસૂસ મામલે વિપક્ષને હવે બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારનું સમર્થન મળ્યું છે. સીએમ નીતિશ કુમારે કહ્યું છે કે પેગાસસ કેસની તપાસ થવી જોઈએ. તેમણે કહ્યું કે અમે ઘણા દિવસોથી ટેલિફોન ટેપીંગનાં વિશે સાંભળી રહ્યા છીએ. આ કિસ્સામાં તપાસ થવી જોઈએ. સોમવારે જનતા દરબાર સમાપ્ત થયા બાદ સીએમ નીતિશે મીડિયા સાથે વાતચીત દરમિયાન આ મુદ્દે પોતાનાં વિચારો રજુ કર્યા હતાં.

જ્યારે પત્રકારોએ જાતિ આધારીત વસ્તી ગણતરી વિશે પૂછ્યું કે શું રાજ્ય સરકાર તેના સ્તરથી જાતિની વસ્તી ગણતરી કરશે, તો સીએમ નીતીશે કહ્યું કે આ વિકલ્પ હંમેશા ખુલ્લો રહેશે. તેમણે કહ્યું કે અમે આજે જ જાતિ આધારીત વસ્તી ગણતરી માટે ફરી વિનંતી કરીશું. આવું કરવું કે ન કરવું તે કેન્દ્ર પર છે. એક પ્રશ્નના જવાબમાં મુખ્યમંત્રીએ કહ્યું કે જાતિ ગણતરીથી સમાજમાં તણાવ ફેલાશે, તે એકદમ ખોટું છે. દરેક વ્યક્તિ આનાથી ખુશ થશે.પેગાસસ જાસૂસી કેસ અંગે પૂછવામાં આવેલા સવાલ પર સીએમ નીતિશે કહ્યું કે આવા કેસો સતત બહાર આવી રહ્યા છે, આવી સ્થિતિમાં તેની યોગ્ય રીતે તપાસ થવી જોઈએ.

વડાપ્રધાન મોદીએ ડિજિટલ પેમેન્ટ પ્લેટફોર્મ ઈ-રૂપી લોન્ચ કર્યું

ભારત ગ્લોબલ લિડરશીપની ક્ષમતા ધરાવે છે : વડાપ્રધાન ● સામાન્ય સંસ્થા કે સંગઠન કોઈ સારવારમાં, કોઈના અભ્યાસમાં મદદ કરવા માગે તો ઈરૂપી આપી શકશે

નવી દિલ્હી, તા.૨

પીએમ નરેન્દ્ર મોદી એ પેમેન્ટની કેશલેસ અને કોન્ટેક્ટલેસ પદ્ધતિ ઈ-રૂપીને લોન્ચ કરી. ઈ-રૂપી ડિજિટલ ચૂકવણીનું પ્લેટફોર્મ છે. તેના દ્વારા લાભાર્થીઓને સીધો

ફાયદો પહોંચશે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે ભારત આજે દુનિયાને જોઈ રહ્યો છે કે ટેક્નોલોજીને એડોપ્ટ કરવામાં, તેનાથી જોડાવવામાં તે કોઈની પણ પાછળ નથી. ઈનોવેશનની વાત હોય, સર્વિસ ડિલિવરીમાં ટેક્નોલોજીનો ઉપયોગ હોય, ભારત દુનિયાના મોટા દેશો સાથે મળીને ગ્લોબલ લીડરશીપ આપવાની ક્ષમતા ધરાવે છે.

પહેલા દેશમાં કેટલાક લોકો કહેતા હતા કે ટેક્નોલોજી તો ફક્ત અમીરોની ચીજ છે, ભારત તો ગરીબોનો દેશ છે. આથી ભારત માટે ટેક્નોલોજીનું શું કામ? જ્યારે અમારી સરકારી ટેક્નોલોજીને મિશન બનાવવાની વાત કરતી હતી ત્યારે અનેક રાજનેતા, કેટલાક ખાસ પ્રકારના એક્સપર્ટ્સ તેમના પર સવાલ ઉઠાવતા હતા.

SHRADDHADEEP GREEN CROSS
PATHOLOGY LABORATORY
(SINCE 1981)

Molecular Laboratory for COVID RT PCR
604-607, 6th Floor, Vrundavan Trade Center, A Wing,
Nr. Reliance Cross Road, Kudasan, Gandhinagar. Phone : 72029 77073

Mahendra Gajjar
Director

First in Gandhinagar

Dr. Dinesh Rathod
Director

NABL Accredited
ICMR Approved
Reports with QR Code
Valid for Domestic & International Travel

ડેન્ગ્યુ RT-PCR (ડેન્ગ્યુની સચોટ તપાસ)
ચીકનગુનીયા RT-PCR (ચીકનગુનીયા સચોટ તપાસ)
મલેરીયા RT-PCR (મલેરીયા સચોટ તપાસ)

SECTOR-16 LAB
Plot No. 317, Nr. GH-4 Circle, Sec. -16, G'nagar.
Mo. 81530 08666

SECTOR-7/C LAB
Plot No. 910/1, Opp. Civil Hospital, Nr. GH-3 Circle, Sec. - 7/C, G'nagar.
Mo. 81530 08777

SECTOR-3/D LAB
Hi-Tech Hospital, Ground Floor, Plot No. 1180, Sec.- 3/D, G'nagar.
Mo. 81550 20044

PETHAPUR
A-2, Bosky City Mall, Nr. Russian Bakery, Pethapur Cross Road
Mo. 97124 87177, 97249 41191

RAYSAN
C-03, Ground Floor, B/h. Axis & HDFC Bank, Business Park, PDPU Road, Raysan.
Mo. 97124 87177

SARGASAN
Sh. No. 5, Ground Floor, Sarthak Mall, B/h. Bank of Baroda, Sargasan
Mo. 70460 15025

KUDASAN
604-607, Vrundavan Trade Center (VTC), Kudasan
Mo. 81550 20065

KUDASAN
Sh. No. 14, Ground Floor, Shree Ugati Corporate Park B/h. Vrundavan Sweets, Kudasan
Mo. 81550 20065